# જિલ્લામાં ૬૭ હજાર હેક્ટરમાં વાવેતર સંપન્ન

## શાકભાજી, કઠોળપાક, મગફળીનું નોંધપાત્ર વાવેતર, કપાસનું વાવેતર ૨૩ હજાર હેક્ટરમાં હવે દિવેલાનું વાવેતર વધશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં થયેલા સારા વરસાદ અને સમયસરના ચોમાસાના આગમનને લઈ કૃષિક્ષેત્રે ખરીફ ઋતુનું વાવેતર આ વખતે વધશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં કઠોળ પાકો ઉપરાંત શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહમાં સારો વધારો જોવા મળ્યો છે. જિલ્લામાં આ સિઝનનું અત્યાર સુધીમાં ૬૭,૭૫૯ હેક્ટર વિસ્તારમાં થયું છે.

જિલ્લા ખેતીવાડી તંત્રના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં શાકભાજીના પાકોનું ૭૭૪૯ હેક્ટરમાં વાવેતર થવા પામ્યુ છે. તો ઘાસચારાનું ૧૭,૩૭૦ હેક્ટરમાં વાવેતર થયુ છે. ગુવારનું ૩૬૦૮ હેક્ટરમાં અને દિવેલાનું ૩૧૫૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે.

જાણકારોનું કહેવુ છે કે હવે દિવેલાના વાવેતરમાં વેગ આવશે. ૧૫મી ઓગષ્ટ સુધી દિવેલાના પાકનું સામાન્યતઃ વાવેતર થતુ રહ્યુ છે. દિવેલા એ જિલ્લાનો મુખ્ય પાક પણ ગણાય છે જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં મગફળીનું વાવેતર ૫૦૪૬ હેક્ટરમાં, અડદનું ૪૮૧ હેક્ટરમાં, મગનું ૧૨૫૧ હેક્ટરમાં તો ડાંગરનું ૩૬૩૩ હેક્ટરમાં વાવેતર થયું છે.

આ ઉપરાંત બાજરી, જુવારદાણા તેમજ તુવર અને અન્ય ધાન્ય પાકોનું મળી બે હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે.

જિલ્લામાં હાલ થઈ રહેલા સારા વરસાદને પગલે ખેડૂતોમાં સારો ઉત્સાહ વાવણી માટે જોવા મળી રહ્યો છે. જિલ્લામાં કપાસનું વાવેતર ૨૩ હજાર હેક્ટરમાં નોંધાયું છે.

સમયસરના ચોમાસાને પગલે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫ ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ચુક્યો છે જે ખેડૂતો માટે ખુબજ ઉત્સાહવર્ધક છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




આ ફોનની ફેસેલીટી ચાલુ થવા દે... એકેય બોયફ્રેન્ડ નથી રાખવો... રીચાર્જનું લફરું જ નથી રહ્યું પછી શું ???

# શેરથા રોડ પરથી ખીચોખીચ પશુઓ ભરેલી ટ્રક પકડાઈ

ગાંધીનગર, તા.૨૧

અડાલજ નજીક શેરથા રોડ પરથી ગઈ કાલે મોડી સાંજે પરવાના વગર ટ્રકમાં ખીચોખીચ પશુઓ ભરીને જતા બે શખ્સોને અડાલજ પોલીસે પકડીને એનીમલ ક્રુએલ્ટી એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી હતી. જરુરી ઘાસચારાની પણ વ્યવસ્થા ન કરનાર બંને શખ્સો સામે કડક કાર્યવાહી કરીને પશુઓને પાંજરાપોળ મોકલી દેવામાં આવ્યા હતા.

અડાલજ પોલીસ ગઈ મોડી સાંજે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન શેરથા પાસે કસ્તુરીનગર રોડ પરથી ખીચોખીચ પશુઓ ભરીને જતી ટ્રક પકડી હતી. જીજે ૨ એકસ એકસ ૯૭૮૭માં છ ભેંસો અને એક પાડો મળી સાત પશુઓ ભર્યા હતા. પરંતુ પાણી કે ઘાસચારાની પણ સગવડ નહી કરી પશુ અત્યાચાર કરાતો હોવાનું ધ્યાને આવતા પોલીસે નંદાસણના ઈબ્રાહીમ અહેમદ સૈયદ અને સૈયદ મકબુલને પકડી પાડયા હતા. તેમની પાસેથી પરમીટ પણ મળી આવી ન હતી. અડાલજ પોલીસે રૂ. ૧૦ લાખની ટ્રક જપ્ત કરી રૂ. ૧.૨૦ લાખના પશુઓને પાંજરાપોળ મોકલી બંને આરોપીઓ સામે પશુ અત્યાચારના કાયદા હેઠળ ગુના નોંધી બંને શખ્સોની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સમ સંવેદના સંમેલનની આસપાસ

- શંકરસિંહ વાઘેલાના જન્મદિને આયોજીત સમસંવેદના સંમેલનના સ્થળ સે-૧૭ ટાઉનહોલ સામે ભવ્ય વોટરપ્રુફ ડોમ તૈયાર કરાયો હતો.
- બાપુ માટે સ્ટેજ પર એસી ખુરશી મુકવામાં આવી હતી.
- ટાઉનહોલ આસપાસમાં ટ્રાફિકજામ ના થાય તે માટે પોલીસ બંદોબસ્ત અને ટોંઈગવાન સતત ફરતી હતી.
- સંમેલનમાં કાર્યકરો બોર ના થાય તે માટે શહેરના કલાકાર ભીખુદાન ગઢવીનો સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.



- સંમેલનમાં આમંત્રિત મહેમાનો માટે પુરી-શાક અને મોહનથાળનું ભોજન સવારે ૧૧.૩૦ કલાક થી ૩.૩૦ દરમિયાન પીરસવામાં આવ્યું હતું.
- બાપુના અત્યાર સુધીના રાજકીય કાર્યક્રમોની ઝલક સ્કીન પર દર્શાવવામાં આવી હતી.
- બાપુનગરના કાર્યકરો બેનર સુત્રોચ્ચાર સાથે સભા મંડપ સુધી પહોંચ્યા હતા.
- બાપુના સમ સંવેદન કાર્યક્રમમાં યુવાવર્ગ, ગ્રામ્ય વિસ્તારમાંથી ભાઈ બહેનો સવિષેશ સંખ્યામાં હાજર રહ્યા હતા.
- પૂર્વ ધારાસભ્ય સી.જે.ચાવડા, પ્રદિપસિંહ વાઘેલા, યુસુફ પરમાર, ચિંમન વિંઝુડા, માનાજી મારવાડી, અશ્વિન બારોટ સહિત કેટલાક કોંગ્રેસી કાર્યકરો હાજર રહ્યા હતા.
- બાપુ આવતા જ કાર્યકરોએ ગુલાબની પાંખડીઓથી સ્વાગત કર્યુ હતું.
- સંમેલનમાં છોટે મોરારી બાપુ પણ ખાસ હાજર રહ્યા હતા.
- મહિલા રાજપુત બહેનોએ શંકરસિંહ બાપુને જન્મદિનની શુભેચ્છા આપી ભેટ સ્વરૂપે તલવાર ભેટ આપી હતી. જયારે શીખ સમાજના ભાઈઓએ પણ બાપુને તલવાર ભેટ આપી હતી.



- સંમેલનમાં પત્રકારોની સંખ્યા વધુ હોવાથી મિડીયા ગેલેરી નાની પડતા ખુરશીઓ ગોઠવીને વ્યવસ્થા કરી હતી.
- સંમેલનમાં એન.સી.પી કાર્યકરો પણ હાજર રહ્યા હતા.
- સભા મંડપમાં સતત આઈબીના અધિકારીઓની હાજરી આંખે ઉડીને આંખે વળગી હતી.
- ડોમ કાર્યકરોથી હાઉસફુલ થઈ જતા કેટલાક કાર્યકરો નીચે પણ બેઠા હતા.
- સંમેલનના સ્થળે બાપુ ૨ કલાકે આવી પહોંચ્યા હતા. જયારે બાપુનું ભાષણ અંદાજે દોઢ કલાકથી પણ વધુ ચાલ્યુ હતું.
- જન્મદિન નિમિતે સ્વામીનારાયણના સંતગણે પણ બાપુને આશિર્વાદ પાઠવ્યા હતા.
- બાપુને મંચ પર શુભેચ્છા આપવા માટે કાર્યકરોની ભારે ભીડ જામતા ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાયા હતા.
- બાપુએ ભાષણના પ્રારંભે જ અમરનાથમાં આંતકી હુમલામાં માર્યા ગયેલા ગુજરાતીઓને શ્રદ્ધાંજલિ પાઠવી .
- સંમેલનમાં દિલિપ પરીખ, રાઘવજી પટેલ, એનસીપીના જયંત પટેલ, કાંધલ જાડેજા સહિત આગેવાનો હાજર રહ્યા હતા. ● બાપુએ ભાષણ દરમિયાન બે વાર પાણી પીધુ હતું.
- કાર્યકરો માટે ડોમની બાજુમાં ઠંડા મીનરલ પાણીના જગ મુકવામાં આવ્યા હતા.
- ડોમ કાર્યકરોથી ભરાઈ જતા પંખાની હવા પણ કામ કરતી નહોતી. જયારે કાર્યકરો જે હાથ લાગ્યું તેનાથી હવા નાંખતા નજરે પડ્યા હતા.
- સંમેલનને પગલે શહેરના સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા ઉમેદવારોને વાંચનમાં તકલીફ પડતી હતી. જયારે ઉમેદવારોએ બપોરના ભોજનનો લાભ પણ લીધો હતો.

# ઘ-૬થી કોલવડા તરફના માર્ગ પર અઠવાડીયાથી અંધારપટ્ટ

ગાંધીનગર તા ૨૧

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોના આંતિરક માર્ગો પર સ્ટ્રીટ લાઈટની સેવા સદંતર ખાડે ગઈ છે. સાંજ ઢળતા જ સેકટરોના આંતરિક માર્ગો પર અંધારુ છવાઈ જાય છે. જયારે નગરના મુખ્ય ઉભા અને આડા માર્ગો પર પણ સ્ટ્રીટ લાઈડો વારંવાર ડુલ થઈ જતા વાહનચાલકોને હાલાકી વેઠવાનો વારો આવે છે. ઘ-૬ થી કોલવડા તરફના માર્ગ પર છેલ્લા એક અઠવાડીયાથી સ્ટ્રીટ લાઈટના ૨૫ થાંભલા બંધ હાલતમાં છે.

નગરમાં એલ ઈ ડી લાઈટની ઝળહળા કરવાની યોજના અમલી બન્યા બાદ સ્ટ્રીટ લાઈટના મામલે ફરિયાદોનુ પ્રમાણ વધ્યુ છે. સેકટરોમાં વારંવાર સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સ્થાનિક રહીશો ફરિયાદ કરીને થાકી ગયા છે. જયારે એલ ઈ ડી લાઈટો એક દિવસ ચાલુ તો એક દિવસ બંધ રહેતી હોવાના લીધે સેકટરવાસીઓને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. વરસાદી દિવસોમાં રાત્રિના સમયે સેકટરોમાં અંધારુ છવાયેલુ રહેતા સ્થાનિક રહીશોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. ત્યારે શહેરમાં બંધ સ્ટ્રીટ લાઈટોના મામલે સર્વે હાથ ધરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. બીજીતરફ સેકટરોના આંતિરક માર્ગો ઉપરાંત સેકટરોના ઉભા અને આડા માર્ગો પર પણ છાશવારે લાઈટો ડુલ થઈ જતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. શહેરના રોડ નં-૬ પર સ્ટ્રીટ લાઈટના અજવાળાનો અભાવ વર્તાય છે. છેલ્લા એક અઠવાડીયાથી આ માર્ગ પર સ્ટ્રીટ લાઈટો બંધ છે. જેના લીધે સેકટરવાસીઓ પરેશાન છે. આ માર્ગ પર સ્ટ્રીટ લાઈટના ૨૫ જેટલા થાંભલા બંધ છે. સ્થાનિક સેકટરવાસીઓ દ્વારા ત્વરિત અસરથી આ માર્ગ પર સ્ટ્રીટ લાઈટની સમસ્યાનો અંત આવે તેવી માંગ કરવામાં આવી છે.

## ગાંધીનગર ભાજપ યુવા મોરચામાં બે મંત્રીની નિમણુંક

ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, મહામંત્રી કે.સી.પટેલ અને યુવા મોરચાના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ ડો.રૂત્વીજ પટેલની સુચનાથી ગાંધીનગર મહાનગર ભાજપાના પ્રમુખ મહેન્દ્ર દાસ અનેયુવા મોરચાના પ્રમુખ અમિત પટેલે મહાનગર ભાજપમાં બે મંત્રીની વરણી કરવામાં આવી છે. જેમાં રવિભાઈ રાવલ તેમજ અક્ષિત પારેખનો સમાવેશ થાય છે. છેલ્લા ઘણા સમયથી મહાનગર ભાજપ યુવા મોરચામાં બે મંત્રીઓની જગ્યા ખાલી પડેલ હતી.

## જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય વોલીબોલ સ્પર્ધામાં પ્રથમ વિજેતા

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય એ તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધા અન્ડર-૧૯માં ભાગ લીધો હતો જેમાં પ્રથમ નંબર મેળવેલ છે જે હવે જિલ્લા કક્ષાએ રમવા જશે. શાળા પરિવાર તથા આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીએ સર્વે ખેલાડીને અભિનંદન પાઠવ્યા છે.

# પાલજ માર્ગ પર અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

ચિલોડા, તા. ૨૧

ગાંધીનગર નજીકના પાલજ માર્ગ ઉપર એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ ચિલોડા પોલીસને મળી આવ્યો છે. પાલનજ સરપંચે પોલીસને જાણ કરતા પોલીસે તાત્કાલીક ઘટનાસ્થળે જઈ પંચનામુ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા પોલીસ સ્ટેશને આપેલ માહિતી મુજબ મંગળવારના રોજ પાલજ ગામના સરપંચ સેંધાજી ગલાજી ઠાકોરે પોલીસને પાલજથી બાસણ જવાના જુના રોડ ઉપર આઈટીઆઈની સામે કોઈ પુરૂષનો મૃતદેહ પડ્યો હોવાની જાણ કરી હતી. ચિલોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.એ. પઠાણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં એક ભીખારી જેવા ગાંડો પુરૂષ જેની ઉંમર આશરે ૪૦થી ૫૫ વર્ષ હોઈ શકે તેવી શક્યતા સાથે શરીરે લાંબી બાયનો વાદળી આછો લાઈનીંગવાળો શર્ટ તેમજ કમરથી નીચેના ભાગે ફક્ત આંતરવસ્ત્ર પહેર્યુ હોવાનું જણાયુ હતુ. વધુમાં શરીરે અન્ય કોઈ ઈજાના ચિહ્નો જણાયા નહોતા. પરંતુ ઓળખ ચિહ્નો તરીકે કપાળના ભાગે જુનુ વાગેલાનુ નિશાન તથા સાથળના ભાગે જુનો ઘા પડ્યો હોવાનું માલુમ પડ્યું હતું.

પાલજના સરપંચે આપેલ માહિતી મુજબ આ પુરૂષ ઘણા સમયથી ભીખ માંગતો હોવાની માહિતી સાથે હિન્દી ભાષા બોલતો હોવાની જાણકારી આપી હતી. કોઈ વાલીવારસ ન મળતા હાલ આ અજાણ્યા પુરૂષનો મૃતદેહ સિવિલ કોલ્ડરૂમમાં રાખવામાં આવ્યો છે. ચિલોડા પીએસઆઈ વી.એ. પઠાણે આ અંગે સીઆરપીસી ૧૭૪ મુજબ ગુન્હો નોંધી બનાવની વિસ્તૃત તપાસ હાથ ધરી છે.



**એસ.જી. અને એસ.વી. પ્રાથમિક શાળામાં બુકમાર્ક બનાવવાની પ્રવૃત્તિ**

ગાંધીનગરની એસ.જી. અને એસ.વી. પ્રાથમિક શાળામાં ધો-૧ થી ૪ના બાળકો માટે બુકમાર્ક બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને ચોપડી કે નોટના પાનાં ઉલટાવવા ના પડે અને સહેલાઈથી બાળક જે તે પેજ ખોલી શકે તે હેતુથી બાળકોને બુકમાર્ક બનાવવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. બાળકોએ અલગ અલગ વસ્તુમાંથી બુકમાર્ક બનાવ્યા હતા. આ પ્રવૃત્તિમાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## સમ સંવેદના સંમેલનમાં ૭ હજાર કાર્યકરોએ ભોજન કર્યું

રાજકીય ઉતેજના વચ્ચે આજે યોજાયેલા સમ સંવેદના સંમેલન દરમિયાન મોટીસંખ્યામાં સમર્થકોએ બાપુને જન્મદિવસની શુભકામના પાઠવી હતી. શંકરસિંહ વાઘેલાના પ્રવચનના અંતે જન્મદિનની મુબારકબાદ પાઠવવા આવેલા શુભેચ્છકો માટે ખાસ ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ટાઉનહોલના પાર્કીંગ સ્થળે ખાસ ડોમ તૈયાર કરવામાં આવ્યો હતો. બાપુને જન્મદિનની શુભેચ્છા પાઠવી શુભેચ્છકોએ મોહનથાળ, પુરી-શાકનું ભોજન લીધુ હતું. સવારના ૧૧.૩૦ થી શરુ થયેલો ભોજન સમારંભ બપોરે ૩.૩૦ કલાક સુધી શુભેચ્છકો ભોજન લેતા નજરે પડ્યા હતા. અંદાજીત ૭૦૦૦ જેટલા શુભેચ્છકોએ મોં મીઠુ કરીને ભોજનનો સ્વાદ માણ્યો હતો.

# ગાંધીનગર મહાનગર યુવા મોરચા દ્વારા વિવિધ સેલની રચના કરાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા વિવિધ ૧૧સેલની રચના કરવામાં આવી છે. આ સેલમાં શહેરના વિવિધ સેકટરના કાર્યકરોની નિમણુંક કરવામાં આવી છે. જેમાં આઈ.ટી.સોશ્યલ મિડીયામાં સે-૩ના ગુંજન પટેલ તેમજ સે-૪ ના ચિંતન દવે, અને જી.ઈ.બી.ના રાજપાલસિંહ ચૌહાણની વરણી કરવામાં આવી છે. તેવી જ રીતે રમત-ગમત સેલમાં રાજ પ્રકાશભાઈ મોદી સે-૮, કેવલ રમણભાઈ પટેલ સે-૨ ડી, યુવા બુથ સૈનિક તરીકે અનિરુધ્ધ ચૌધરી સે-૬, મિડીયા સેલમાં અક્ષર કેતન પટેલ સે-૪, રોજગાર સેલમાં ધવલસિંહ ચૌહાણ સે-૨૬, પ્રશિક્ષણ સેલમાં પાર્થ રાઠોડ,રચનાત્મક સેલમાં શિવમ જોષી સે-૩૦, પ્રશિક્ષણ સેલમાં પાર્થ રાઠોડ સે-૫, કેન્દ્ર અને રાજય સરકાર યોજના સેતું સેલમાં શિવમ પટેલ સે-૩૦ તેમજ સ્વચ્છતા અભિયાન-બેટી બચાવો બેટી પઢાવો સેલમાં કૃણાલ જોશી સે-૧૬ની નિમણુંક કરવામાં આવી છે. મહાનગર યુવા મોરચામાં વિવિધ સેલમાં કાર્યકરોની નિમણુંક કરવામાં આવતા કાર્યકરોમાં હર્ષની હેલી પ્રસરી જવા પામી છે.

